જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦     ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨/૫/૨૦૧૫ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધીધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૮૭૮/૧૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૭૭ લીટર દેશી દારૂ, ૦૩ ઈંગ્લીશ દારૂ. ૨૨ ક્વૉટર ઇગ્લીશ દારૂ અને ૦૧ મોટર સાયકલ કબજે કરી હતી.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૭૯/૧૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## અપહરણઃ- સમાચાર યાદી નં.૮૮૦/૧૫

નરોડા : સિગ્માબહેન સુમનભાઇ તાવીયાડ (ઉ.વ.૧૭)(રહે, રેઇન ફોરેસ્ટ બંગ્લોઝ, લુબી પંપ સામે, રીંગ રોડ, નરોડા) ને તા.૧૫/૪/૧૫ રાતના ૧/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતો આરોપી સંતોષ (જેના પુરા નામની ખબર નથી) ઘર નજીકથી લલચાવી ફોસલાવી ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ સિગ્માબહેનના પિતા સુમનભાઇ તાવીયાડે તા.૧/૫/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.આર.સંગાડા ચલાવે છે.

## છેતરપીંડી :- સમાચાર યાદી નં.૮૮૧/૧૫

નવરંગપુરા : રમેશભાઇ ધીરજભાઇ ઠેસીયા (રહે.મંથન એપાર્ટમેન્ટ, આનંદનગર ચાર રસ્તા, સેટેલાઇટ) એ તા.૧/૫/૧૫ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૧૨/૧૪ થી તા.૨૮/૪/૧૫ સુધીનાં સમયગાળા દરમ્યાન નવરંગપુરા સ્લોકા કોમ્પલેક્ષમાં આવેલ પોતાની દુકાનમાંથી આરોપી સંજયસિંહ રામકુમાર યાદવ (રહે.રત્નદીપ એવન્યુ, સોલા રોડ, ઘાટલોડીયા)નાએ રમેશભાઇને વિશ્વાસમાં લઇ લેપટોપ, પ્રીન્ટર, કોમ્પ્યુટર સેટ કુલ કિંમત રૂપિયા ૬,૯૬,૦૦૦/- મતાનાં ભાડેથી લઇ જઇ પરત નહીં આપી, રમેશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી મહેશકુમાર અભેસંગ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

ચાંદખેડા : દેવાશીષ સુકુમાર વિશ્વાસ (રહે.સેરેટોન હોટલ, ગુજરાત કોલેજની સામે, એલીસબ્રીજ મુળ વતન: પશ્ચીમ બંગાળ) એ તા.૧/૫/૧૫ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી કરમવીરસિંગ સબરવાલ (ઓફીસ: સંગાથમોલ-૧, આઇ.આઇ.ટી.કોલેજ સામે, વિસત ગાંધીનગર હાઇ-વે, મોટેરા ચાંદખેડા) એ દેવાશીષને વિદેશમાં જોબ અપાવવાની લાલચ આપી, કુલ રૂપિયા ૨,00,000/- મેળવી લઇ, વિદેશ નહીં મોકલી, દેવાશીષ સાથે તેમજ અન્ય સાહેદો સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.કે.બાંગા ચલાવે છે.

ઘરફોડઃ- સમાચાર યાદી નં.૮૮૨/૧૫

મણીનગર : સુનીલભાઈ પુરૂષોત્તમદાસ માખીજા (રહે.માખીજા નીવાસ, કરાંચી હોટલ, મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૪/૧૫ રાતના ૧૦/૩૦ થી તા.૧/૫/૧૫ સવારના ૧૦/૪૫ વાગ્યા દરમ્યાન મણીનગર સમર્થ એપાર્ટમેન્ટ ખાતે આવેલ ગન્સ એન્ડ રેઝીઝ નામની પોતાની દુકાનનાં શટરનાં નકુચા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, રેડીમેઇડ કપડા અને રોકડ રૂપિયા ૨૭,000/- મળી કુલ રૂપિયા ૧,૫૭,000/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.વી.બારીયા ચલાવે છે.

<u>ચોરી -</u> <u>સમાચાર યાદી નં.૮૮૩/૧૫</u>

વટવા : મહેમુદખાન લીયાકતખાન પઠાણ (રહે.અલંસાર પાર્ક, આલ્ફા ડુપ્લેક્ષ, વેજલપુર) એ તા.૨૦/૪/૧૫ રાતના 00/૩૦ થી સવારનાં ૬/00 વાગ્યા દરમ્યાન નારોલ, નામદાર હોટલ સામે, અનિસ રોડ લાઇન્સની ઓફીસ નજીક પાર્ક કરેલ ટ્રકની તાડપત્રી કાપી ટ્રકમાંથી ૧૫૬ નંગ તમાકુનાં બંડલ કિંમત રૂપિયા ૧૭,૯૦,૯0૪/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ અંગેની ફરીયાદ મહેમુદખાન પઠાણે તા.૧/૫/૧૫ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.સી.ઝાલા ચલાવે છે.

<u>વાહન ચોરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૮૮૪/૧૫</u>

ઓઢવ : સુરેશભાઈ કાળુભાઇ દેસાઇ (રહે.કર્ણાવતી પાર્ક, હરીકૃપા સોસાયટીની બાજુમાં, નિકોલ રોડ, ઓઢવ) એ તા.૨૭/૪/૧૫ રાતના ૮/00 વાગે મયુર એસ્ટેટ શેડ નંબર ૨૨ નજીક વર્ના કાર નંબર જીજે.૧૮.એ.સી.૬0૩૫ કિમત રૂપિયા ૧,૫0,000/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૮/૪/૧૫ સવારના ૭/00 વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ સુરેશભાઇ દેસાઇએ તા.૧/૫/૧૫ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એન.સોલંકી ચલાવે છે.

નારણપુરા : પ્રદિપભાઇ સોમાભાઇ પટેલ (રહે.ખોડલધામ સોસાયટી, ભદ્રેશ્વર કોલોની પાસે ઇન્દીરાબ્રીજ પાસે, સરદારનગર) એ તા.૧/૫/૧૫ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે નારણપુરા, મહાદેવનગર સોસાયટી, બ્રહ્મકુમારી ભવન પાસે રોડ ઉપર પોતાની મારૂતી વેગનઆર કાર નંબર જીજે.૧૮.એ.બી. ૯૮૫૮ કિમત રૂપિયા ૧,00,000/- પાર્ક કરી હતી. જેની ચોરી બે કલાકમાં થઇ હતી. આ અંગેની ફરીયાદ પ્રદિપભાઇ પટેલે નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી જી.એમ.ગોહેલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૮૮૫/૧૫

ચાંદખેડા : પલ્લવીબહેન અરવિંદભાઇ વ્યાસ (રહે.શક્તિકૃપા સોસાયટી, ચાંદખેડા) એ કોઇ કારણસર પોતાના ઘરે તા.૧/૫/૧૫ બપોરના ૨/૧૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાનાં હુકમાં દુપટ્ટો બાંધી, ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી બળવંતભાઇ શંકરભાઇ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)